# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે "બાગાયત ક્ષેત્રે વ્યાવસાયિક તકો તેમજ કૌશલ્ય વર્ધન" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયો

શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે તા.૧૨/૦૪/૨૦૨૨ ના રોજ **બાગાયત ક્ષેત્રે વ્યાવસાયિક તકો તેમજ કૌશલ્ય વર્ધન"** વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન આચાર્યશ્રી ડૉ. બી. એચ. પંચાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી સંઘ ચેરમેન ડૉ. આર. જે મકવાણા દ્વારા કરવામાં આવ્યુ હતુ. સદર કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત ૧૦૪ વ્યક્તિઓએ હાજરી આપેલ. આ કાર્યક્રમના ગેસ્ટ લેકચર તરીકે અત્રેની જ કોલેજના ૧૯૮૬ની બેચના ડીપ્લોમા થયેલ વિદ્યાર્થી શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ કે જેઓ બાગાયત નિષ્ણાત તરીકે દેશ – પરદેશમાં કન્સલટન્ટ તરીકે કામગીરી કરે છે તથા તેમના પુત્ર શ્રી સાર્થક પટેલ (એમ.એસ.સી. હોર્ટીકલ્ચર) કે જે પણ આજ કોલેજમાં વર્ષ ૨૦૧૬ ના ડિપ્લોમા વિધ્યાર્થી છે અને ડી-ટુ-ડી માં ઉત્તીર્ણ થઈને ડીગ્રીમાં પ્રવેશ મેળવી એમ.એસ.સી. હોર્ટીકલ્ચર વર્ષ ૨૦૨૧ પુર્ણ કરી બાગાયાત ઇન્ટર્પ્રીનીયર તરીકે કામ કરી રહ્યા છે. તેઓ અત્રે વક્તા તરીકે પધારેલ. અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો.બી.એચ.પંચાલે મહેમાનોનો સ્વાગત કરી પરિચય આપેલ.

બાગાયત નિષ્ણાત ચંદ્રકાન્તભાઈ પટેલ તેમના બાગાયત ક્ષેત્રના કન્સલટન્ટ તરીકેના અનુભવો ટાંકીને બાગાયત ક્ષેત્રે રોજગારીની તકો તથા આવનાર સમયમાં બાગાયત ખેતી અને વ્યવસાયમાં ટેક્નોલૉજી અંગે સુંદર છણાવટ પુર્વક વાર્તાલાપ આપેલ તેઓશ્રીએ બાગાયત ઉત્પાદનના નિકાસ સ્ટાનડર્ડ તથા તેના નિયમોની જાણકારી આપેલ. વધુમાં બાગાયત ક્ષેત્રે કૌશલ્ય વર્ધન કઈ રીતે કરવું તેનું મહત્વ જણાવેલ. શ્રી સાર્થક પટેલે બાગાયત ઇન્ટરપ્રીનીયર તરીકે શું – શું કરવું જોઈએ તેની માહિતી તથા માર્ગદર્શન આપેલ. છેલ્લે એસ.આર.સી. ચેરમેન ડો. આર. જે. મકવાણાએ કાર્યક્રમની આભારવિધિ કરી રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પુર્ણ જાહેર કરેલ.






Care





